### સયાજી હોસ્પિટલની ગંભીર બેદરકારી સામે આવી

# રુક્ષ્મણી પ્રસુતિ ગૃહ પાસે ખુલ્લી ગટરની ચેમ્બર મોટું મોટો અકસ્માત સર્જે તો નવાઈ નહિ

**દિવસ-રાત** દરમિયાન કેટલાય દર્દીઓ અને તેમના સગાવ્હાલાઓની અવર જવર રહે છે દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ ?



(પ્રતિનિધિ), વડોદરા. તા.૫

શહેરની જીવાદોરી સમાન અને લાખો દર્દીઓની આશાનું કેન્દ્ર એવી સયાજી હોસ્પિટલમાંથી તંત્રની ગંભીર બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે. હોસ્પિટલના સંકુલમાં આવેલા રુક્ષ્મણી પ્રસુતિ ગૃહ તરફ જતા મુખ્ય રસ્તા પર જ ગટરની ચેમ્બરનું ઢાંકણ તૂટેલી હાલતમાં ખુલ્લું જોવા મળી રહ્યું છે, જે અહીં આવતા દર્દીઓ અને તેમના સ્વજનો માટે અસુરક્ષાનું મોટું પ્રતિક બની ગયું છે. આ રસ્તા પરથી દરરોજ હજારોની સંખ્યામાં સગર્ભા મહિલાઓ, નવજાત બાળકોના વાલીઓ, સિનિયર સિટીઝનો અને ગંભીર દર્દીઓ પસાર થાય છે. પ્રસુતિ ગૃહ હોવાથી અહીં મહિલાઓ અને નાના બાળકોની સતત અવરજવર રહે છે. પરંતુ, તંત્રની આંખ આડા કાન કરવાની નીતિના કારણે આ ખુલ્લી અને જોખમી ચેમ્બર લાંબા સમયથી ધ્યાને લેવાઈ નથી. સ્થાનિક લોકો અને દર્દીઓના સગા-સંબંધીઓ જણાવે છે કે, રાત્રિના સમયે જ્યારે હોસ્પિટલ પરિસરમાં અંધારું હોય છે ત્યારે આ ખુલ્લી ચેમ્બર કોઈને પણ દેખાતી નથી. ખાસ કરીને અજાણ્યા લોકો કે વયો વૃદ્ધો આ ચેમ્બરમાં પટકાઈ શકે છે

અને કોઈ ગંભીર ઈજા અથવા જીવલેણ દુર્ઘટના સર્જાઈ શકે છે. હોસ્પિટલ જેવા સંવેદનશીલ સ્થળે જ્યાં લોકો જીવન બચાવવા આવે છે, ત્યાં જ તેમની સુરક્ષા જોખમાઈ રહી છે તે અત્યંત શરમજનક બાબત છે. તંત્ર દ્વારા કોઈ મોટી અઘટિત ઘટના સર્જાય તેની રાહ જોવામાં આવી રહી છે કે શું ? તેવો રોષ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે.

# GSFC યુનિ. દ્વારા AI આધારિત કોર્પોરેટ સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરાયું




(પ્રતિનિધી) વડોદરા, તા.5

જીએસએફસી યુનિવર્સિટી દ્વારા 2027માં અભ્યાસ પૂર્ણ કરનાર વિવિધ અભ્યાસક્રમોના 1,000થી વધુ અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે એક સપ્તાહીય કોર્પોરેટ સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (સીએસડીપી) 2026નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્લેસમેન્ટ સેલ દ્વારા આયોજિત આ સઘન કાર્યક્રમમાં 10 દિવસ દરમિયાન 10 ક્ષેત્ર નિષ્ણાતોની ટીમ દ્વારા દરેક વિદ્યાર્થીને 60 કલાકની તાલીમ આપવામાં આવી હતી. આ પહેલ દ્વારા જીએસએફસી યુનિવર્સિટીની "સ્ટુડન્ટ સેન્ટ્રિક, ઈન્ડસ્ટ્રી અલાઈન્ડ અને ફ્યુચર રેડી" રહેવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં એવી જરૂરી કુશળતાઓ વિકસાવવાનો હતો, જે તેમને શૈક્ષણિક જીવનમાંથી વ્યાવસાયિક ક્ષેત્રમાં સરળતાથી પ્રવેશ કરવામાં મદદરૂપ થાય. સીએસડીપી 2026ની ખાસિયત તેનું એસેસમેન્ટ આધારિત અને એઆઈ સક્ષમ માળખું હતું. કા આ પહેલ ભારત સરકાર દ્વારા ટેક્નોલોજી આધારિત શિક્ષણ દ્વારા ભવિષ્ય માટે તૈયાર, કુશળ અને રોજગારલક્ષી યુવાનો તૈયાર કરવા પર આપવામાં આવતા ભાર સાથે પણ સુસંગત છે. શૈક્ષણિક અભ્યાસ, સ્કિલ એન્હાન્સમેન્ટ, ઈન્ડસ્ટ્રી ઈન્ટરેક્શન અને પ્લેસમેન્ટ પ્રિપેરેશનને એકસાથે જોડીને જીએસએફસી યુનિવર્સિટી ઈન્ડસ્ટ્રી-એકેડેમિયા કનેક્ટ અને એક્સપિરિએન્શિયલ લર્નિંગને વધુ મજબૂત બનાવી રહી છે.

### સોશિયલ મીડિયા પોસ્ટને લઈ રાજકીય ઘમાસાણ, મકરપુરા પોલીસ મથકે રજૂઆત

# ધારાસભ્યની બહેન અંગે અભદ્ર પોસ્ટ મામલે ભાજપના હોદ્દેદાર વિરુદ્ધ FIRની માંગ



(પ્રતિનિધી) વડોદરા, તા.5

સોશિયલ મીડિયા પર ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની બહેન અંગે કરવામાં આવેલી કથિત અભદ્ર પોસ્ટને લઈ ગુજરાતમાં વિવાદ વકર્યો છે. આ મામલે ભાજપના હોદ્દેદાર વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની માંગ ઉઠી છે. પ્રાપ્ત વિગત મુજબ, ઈન્સ્ટાગ્રામ પર dhavaldavebjp નામના એકાઉન્ટ પરથી આ કથિત પોસ્ટ કરવામાં આવી છે. આ એકાઉન્ટની પ્રોફાઈલ મુજબ તેના ધારક ધવલ દવે છે, જેઓ પોતાને પ્રભારી - બનાસકાંઠા જિલ્લા ભાજપ તરીકે દર્શાવે છે.

આ એકાઉન્ટ પરથી ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અંગે એક જૂના નિવેદનને ટાંકીને તેમની બહેન અંગે કથિત રીતે અભદ્ર, અશ્લીલ અને મજાક ઉડાવતી પોસ્ટ મૂકવામાં આવી હોવાનો આક્ષેપ છે. પોસ્ટ વાયરલ થયા બાદ દલિત સમાજ અને કોંગ્રેસના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે ગુજરાતભરના પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ આપવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે વડોદરામાં પ્રિયાંક રોહિત દ્વારા મકરપુરા પોલીસ સ્ટેશન ખાતે લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે, ભાજપના જવાબદાર હોદ્દા પર રહેલા વ્યક્તિ દ્વારા એક મહિલા અંગે આવી અભદ્ર પોસ્ટ કરવી એ નિંદનીય છે અને તેનાથી મહિલાની ગરિમા અને સન્માનને ઠેસ પહોંચે છે. આ મામલે તાત્કાલિક તપાસ કરી આઈટી એક્ટ અને મહિલા અત્યાચાર સંબંધિત કલમો હેઠળ ધવલ દવે વિરુદ્ધ કડક કાર્યવાહી કરી એફઆઈઆર દાખલ કરવાની માંગ કરવામાં આવી છે.

### 2 મેગાવોટ પવન ઊર્જા પ્રોજેક્ટથી પ્લાન્ટની 30% ઊર્જા જરૂરિયાત પૂરી થશે

# વડોદરાથી ટકાઉ વિકાસની નવી દિશા: સેબિકનો ગ્રીન એનર્જી પર ભાર

(પ્રતિનિધી) વડોદરા, તા.5

વિશ્વની અગ્રણી પેટ્રોકેમિકલ કંપની સેબિક ગુજરાતમાં નવીનીકરણીય ઊર્જા, ટકાઉ ટેક્નોલોજી અને સર્ક્યુલર ઈકોનોમી ક્ષેત્રે વિવિધ પહેલો હાથ ધરી રહી છે. વડોદરામાં કંપનીએ 2 મેગાવોટનો પવન ઊર્જા પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જે કમ્પાઉન્ડિંગ પ્લાન્ટની આશરે 30% ઊર્જા જરૂરિયાત પૂરી કરવામાં મદદરૂપ થશે.

કંપની આગામી 3થી 5 વર્ષમાં વડોદરામાં 100% કામગીરી નવીનીકરણીય ઊર્જાથી ચલાવવાનું લક્ષ્ય ધરાવે છે. સેબિકની સામાજિક પહેલો શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસ સુધી વિસ્તરેલી છે. છેલ્લા 10 વર્ષમાં આશરે 60,000 વંચિત બાળકોને સુધારેલા સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ ક્લાસરૂમ અને લાઈબ્રેરી જેવી સુવિધાઓનો લાભ મળ્યો છે. વડોદરાની સરકારી શાળાઓમાં આંખની તપાસના કેમ્પથી આશરે 1 લાખ વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા છે. આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની લેબોરેટરી સુવિધાઓ અપગ્રેડ કરાતા આસપાસના ગામોના 1.23 લાખથી વધુ લોકો માટે સ્થળ પર જ રક્ત પરીક્ષણ અને નિદાન શક્ય બન્યું છે. નવીનીકરણીય ઊર્જા, સર્ક્યુલર ઈકોનોમી અને સામાજિક વિકાસને જોડતી આ પહેલો ગુજરાતમાં ટકાઉ ઔદ્યોગિક વિકાસ પ્રત્યે સેબિકની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## ક્યુપિડ લિમિટેડે FY27 માટે રેવન્યૂ-પ્રોફિટ ગાઈડન્સ વધાર્યું

વડોદરા : ક્યુપિડ લિમિટેડે નાણાકીય વર્ષ 2027માં મજબૂત બિઝનેસ ગતિ જળવાઈ રહેવાની અપેક્ષા વ્યક્ત કરી છે. કંપનીના જણાવ્યા મુજબ, FY27ના બીજા ત્રિમાસિકમાં આવક 200 કરોડને પાર કરી શકે છે. મજબૂત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજાર વિઝિબિલિટી તથા મુખ્ય બિઝનેસ સેગમેન્ટમાં વૃદ્ધિને ધ્યાનમાં રાખીને કંપનીએ FY27 માટે રેવન્યૂ ગાઈડન્સ વધારીને 800 કરોડથી વધુ અને નેટ પ્રોફિટ ગાઈડન્સ 250 કરોડથી વધુ કર્યો છે. કંપનીના જણાવ્યા મુજબ, સ્થાનિક FMCG બિઝનેસનો વિસ્તાર, હેલ્થકેર તથા પર્સનલ કેર પોર્ટફોલિયોમાં વૃદ્ધિ અને પાલાવા મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ટૂંક સમયમાં શરૂ થવાની પ્રગતિ આ વૃદ્ધિના મુખ્ય આધાર છે.

### સંવેદન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગરબા મહોત્સવ-2026

# માઁ શક્તિ ગરબા મહોત્સવમાં મેગા પ્રાઈઝની ધમાકેદાર જાહેરાત




(પ્રતિનિધી) વડોદરા, તા.5

સંવેદન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત અને જયેશ ઠક્કર દ્વારા પ્રાયોજિત માઁ શક્તિ ગરબા મહોત્સવ-2026 27મા વર્ષમાં નવા ગ્રાઉન્ડ સાથે ભવ્ય આયોજન માટે સજ્જ બન્યો છે. આ વર્ષની ઉજવણીનું મુખ્ય આકર્ષણ માઁ શક્તિ ગરબા કિંગ અને ક્વીન સ્પર્ધા રહેશે. આયોજકો દ્વારા જાહેર કરાયેલા મેગા પ્રાઈઝમાં ગરબા કિંગ અને ક્વીનના વિજેતાઓને એક-એક બાઈક સાથે 1 લાખ રોકડ આપવામાં આવશે.

રનર્સ-અપને બે ઈ-બાઈક, જ્યારે આરતીબેન ઠક્કર દ્વારા 11 દીકરીઓને 21,000ના રોકડ ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. નવરાત્રીના દરેક દિવસે 10 સરપ્રાઈઝ પ્રાઈઝ પણ આપવામાં આવશે. તમામ મેગા પ્રાઈઝનું વિતરણ અંતિમ દિવસે થશે. મુખ્ય આયોજક જયેશભાઈ ઠક્કર અને સંવેદ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી આરતીબેન ઠક્કરે જણાવ્યું કે આ વર્ષે પણ પારંપરિક ગરબાની સાથે વિશિષ્ટ રાસની રજૂઆતો યોજાશે.

## લીમખેડાના કાચલા ફળિયા રોડ પર અકસ્માતમાં એકનુ મોત

(પ્રતિનિધી) દાહોદ, તા.5

લીમખેડા તાલુકાના ઢઢેલા ગામે કાચલા ફળિયાની સીમમાંથી પસાર થતા દાહોદથી ગોધરા તરફ જતાં રોડ પર પુરપાટ દોડી જતા ટેક્રરે બજાજ પ્લેટીના મોટર સાયકલને અડફેટમાં લીધા બાદ આગળ જતી આઈસર ગાડીને અડફેટમાં લઈ નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ પર પાછળ બેઠેલ ૩૫ વર્ષીય યુવક મોટર સાયકલ પરથી પટકાઈને ટેક્રરના વ્હીલ તળે આવી જતા તેને ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે મોટર સાયકલ ચાલક ને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી, તેમજ આઈસર ગાડી ને ચાલકને પણ નાની મોટી ઈજાઓ થવા પામી હતી.

# શબ્દોમાં અમર થયેલું જીવન: પ્રમુખ સ્વામી મહારાજના જીવનચરિત્રને ગિનેસ વર્લ્ડ રેકોર્ડ



(પ્રતિનિધી) વડોદરા, તા.5

પરોપકારી જીવન જીવી લાખો લોકોના જીવનને પ્રેરણા આપનાર પ્રમુખ સ્વામી મહારાજના જીવનચરિત્રને વિશ્વસ્તરીય સન્માન મળ્યું છે. લંડન ખાતે મહંત સ્વામી મહારાજની 93મી જન્મજયંતિની ઉજવણી દરમિયાન પ્રમુખ સ્વામી મહારાજના જીવન ચરિત્રના લેખક આદર્શજીવન સ્વામીને ગિનેસ વર્લ્ડ રેકોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગિનેસ વર્લ્ડ રેકોર્ડના પ્રતિનિધિ દ્વારા 'એક જ લેખક દ્વારા લખાયેલ વિસ્તૃત જીવનચરિત્ર' શ્રેણીમાં આ સન્માન આપવામાં આવ્યું. આદર્શજીવન સ્વામીએ પ્રમુખ સ્વામી મહારાજના જીવનચરિત્રના 13 ભાગોમાં કુલ 8,848 પૃષ્ઠો અને 21,46,447 શબ્દોનો ઉપયોગ કર્યો છે, જે વિશ્વવિક્રમ બન્યો છે. પ્રમુખ સ્વામી મહારાજના સ્વધામગમન બાદ પણ તેમના જીવન, સેવાકાર્યો અને માનવકલ્યાણની યાત્રાને શબ્દોમાં અમર કરનાર આ મહાગ્રંથને મળેલું સન્માન અનુયાયીઓ માટે ગૌરવની ક્ષણ બની રહ્યું છે.

# સિગ્મા યુનિવર્સિટીમાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) વડોદરા, તા.5

સિગ્મા યુનિવર્સિટી, વડોદરા ખાતે અભયમ બાપોદ ટીમ અને 181 મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો હતો. અભયમ કાઉન્સેલરે વિદ્યાર્થીનીઓને 181 મહિલા હેલ્પલાઈનની સેવાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. કોઈપણ મહિલા, યુવતી કે વિદ્યાર્થીની મુશ્કેલીના સમયે 181 પર કોલ કરી મદદ, માર્ગદર્શન અને બચાવ મેળવી શકે છે. કાર્યક્રમમાં છેડતી, બિનજરૂરી કોલ-મેસેજથી થતી હેરાનગતિ, શારીરિક-માનસિક અત્યાચાર અને ઘરેલું હિંસા સહિતના કિસ્સાઓમાં ઉપલબ્ધ સહાય અંગે સમજ આપવામાં આવી હતી. ઉપરાંત ગુડ ટચ અને બેડ ટચ વિશે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓને અભયમ મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી સેવાઓ ઝડપથી મેળવવા અંગે માર્ગદર્શન અપાયું હતું.

# MSUની આર્ટસ ફેક્લટીના સંસ્કૃત વિભાગમાં વૃક્ષારોપણ અને પ્રકૃતિ વંદન કાર્યક્રમ યોજાયો



વડોદરા : મ.સ.યુનિ.ની ફેકલ્ટી ઓફ આર્ટ્સના સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ દ્વારા ડી. એન. હોલ કેમ્પસ ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વૃક્ષારોપણ તથા પ્રકૃતિ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફેકલ્ટી ઓફ આર્ટ્સના માનનીય ડીન પ્રો. કલ્પના થોરાટ તથા સંસ્કૃત વિભાગના હેડ ડૉ. શ્વેતા જેજુરકર સહિત વિભાગના અધ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ પ્રકૃતિ વંદન કરી વૃક્ષારોપણમાં સહભાગી બની પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન ડૉ. કપિલદેવ શાસ્ત્રી દ્વારા વૈદિક પરંપરા અનુસાર વેદોક્ત વિધિ-વિધાનથી પ્રકૃતિ પૂજન તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### ગરબાની રાસરંગ સાથે દીકરીઓના શિક્ષણ માટે સંકલ્પ

# 'દેવી આરાધના ૪.૦માં 300 સહભાગીઓ દીકરીઓના શિક્ષણ માટે ભંડોળ એકત્રિત કરશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.5

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા "દેવી આરાધના 4.0 - રાત્રી બિફોર નવરાત્રી" નામે વિશેષ ગરબા કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમનો હેતુ ગ્રામ્ય વિસ્તારોની દીકરીઓના શિક્ષણ માટે સહયોગ મેળવવાનો હતો. માતાજીની આરતી બાદ ફાઉન્ડેશનના સ્વયંસેવકોના લાઈવ સિંગિંગ સાથે ગરબાનો પ્રારંભ થયો હતો.

આશરે 300 સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ગરબામાં ભાગ લીધો હતો. ગરબા સ્પર્ધામાં 3 પુરુષ અને 3 મહિલા વિજેતાઓને રોકડ ઈનામ તથા 2 કોમ્પ્લિમેન્ટરી ઈનામ આપવામાં આવ્યા હતા. શ્રી હરિ જ્વેલર્સના સહયોગથી યોજાયેલા લકી ડ્રોમાં 5 વિજેતાઓને શોપિંગ વાઉચર મળ્યા હતા, જ્યારે તમામ સહભાગીઓને વિશેષ ભેટ આપવામાં આવી હતી.

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders are invited for "ARC for Installation of Xerox machine and Xerox work at Corporate office, Surat". Tender is put up on https://tender.nprocure.com (For view, download and online submission) and www.dgvcl.com (For view & download only).

| Sr. No. | Tender No. | Estimated Cost |
|---|---|---|
| 1 | DGVCL/Civil/Corp/Xerox Machine/ 2026/313 | Rs. 12,46,847.00 (Including GST) |

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. ACE (P), DGVCL, Surat.

**યૂકો બૈંક UCO BANK** (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का — Honours Your Trust
દાંડીયા બજાર શાખા : અપ્સરા એપાર્ટમેન્ટ્સ, પ્રોફ માણેકરાવ રોડ, વડોદરા-૩૯૦૦૦૧.
ફોન : ૯૧૪૭૪૦૪૩૨૭, ઈમેલ : dandia@uco.bank.in

**પઝેશન નોટિસ**

કલમ ૧૩(૪) હેઠળ (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **યુકો બેંક**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) (ત્યાર બાદ અધિનિયમ તરીકે ઓળખવામાં આવનાર) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૦૨.૦૭.૨૦૨૧**ના રોજ કરજદારો **શ્રી કમલેશ વસાવા અને શ્રીમતી પુનમબેન વસાવાને** ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૧૮,૬૭,૨૭૮.૨૬/- (રૂા. અઢાર લાખ સડસઠ હજાર બસો ઈઠયોતેર અને છવીસ પૈસા પુરા)** (તા. ૩૦.૦૬.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) ચડત વ્યાજ, લીગલ ચાર્જીસ, અન્ય ચાર્જીસ અને આનુંસગિક ખર્ચાઓ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તા/જામીનદારોને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ની કલમ ૧ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અને ૯ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૦૫.૧૦.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક**ની રકમ **રૂા. ૧૮,૬૭,૨૭૮.૨૬/- (રૂા. અઢાર લાખ સડસઠ હજાર બસો ઈઠયોતેર અને છવીસ પૈસા પુરા)** ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે.

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેક્સન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

જે જમીનનો રેવન્યુ સર્વે નં. ૬૭૫/૧, ક્ષેત્રફળ ૧૮૨૧ સ્કે.મીટર અને રેવન્યુ સર્વે નં. ૬૭૫/૪, ક્ષેત્રફળ ૭૦૮ સ્કે. મીટર, કુલ ક્ષેત્રફળ ૨૫૨૯ સ્કે.મીટર, જે "બરસાના રેસીડેન્સી"ના નામથી રહેઠાણલાયક પ્રોજેક્ટ, ઓર્ગેનાઈઝડ અને બાંધકામ વાળી, ફ્લેટ નં. ૪૦૧, ચોથો માળ, ટાવર-જી, ક્ષેત્રફળ ૭૪.૩૨ સ્કે.મીટર બિલ્ટ અપ એરીયા અને ૫૭.૩૪ સ્કે.મીટર કાર્પેટ એરીયા, ઉનદેરા, મોજે ગામ-ઉનદેરા, રજી. ડિસ્ટ્રીકટ અને સબ જિ. વડોદરા, જિ. વડોદરા આતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : જમીન થી લાગુ ● પશ્ચિમે : ફ્લેટ નં. ૪૦૪
● ઉત્તરે : રોડ થી લાગુ ● દક્ષિણે : ફ્લેટ નં. ૪૦૨

તારીખ : ૦૫.૧૦.૨૦૨૬
સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)
સહી/- અધિકૃત અધિકારી, યુકો બેંક

**ઓનલાઇન ટેન્ડરીંગ**
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
"ઇ" પ્રોક્યોરમેન્ટ નોટીસ નં. "૦૭" સને ૨૦૨૬-૨૭
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ સિંચાઈ વિભાગ, ૨/૩૫, જિલ્લા સેવા સદન-૨, બીજો માળ કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૯૬૩ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી એક કામ માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજિત રકમ રૂ.૧૭૬.૫૫ લાખ છે.

ઓનલાઇન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઇટ http://tender.nprocure.com પર તા.૨૭/૧૦/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

જ્યારે કામના ઓનલાઇન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૨૭/૧૦/૨૦૨૬ થી તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઇટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવો.
(માહિતી/ગોધરા/૫૪૩/૨૬)

**ગુજરાત રાજ્ય**
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૧૬ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ દ્વારા બાંધકામ વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર કુલ-૧ થી ૪ કામો ઈ-૧ & ઉપરના વર્ગના ઈજારદાર પાસેથી એસ.બી.ડી ટેન્ડર ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૧૮.૨૮ લાખથી રૂ. ૪૫.૩૯ લાખ સુધીની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ :https://tender.nprocure.com પર તા.૦૭/૧૦/૨૦૨૬ થી તા.૨૧/૧૦/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

વધુ વિગત માટે વિગતવાર નોટીસ ઉપરોક્ત વેબ સાઈટ પર જોવા મળશે તથા રૂબરૂ કચેરીના સમય દરમ્યાન સંપર્ક કરવો.
(માહિતી/ગોધરા/૫૪૧/૨૬)

**આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ** — Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), મહારાષ્ટ્ર - 400072
ગોધરા શાખાઃ શોપ નં. 3, 1લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ - 389001 (ગુજરાત)
રાજપીપળા શાખાઃ જી-53, ગ્રાઉન્ડ ફ્લોર, સૂર્યા પ્લાઝા કોમ્પ્લેક્સ, સંતોષ ચાર રસ્તા રોડ, રાજપીપળા - 393145 (ગુજરાત)
વડોદરા શાખાઃ યુનિટ નં. એસએફ-201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા ગાય સર્કલ રોડ, અકોટા, વડોદરા - 390020 (ગુજરાત)

**ઈ-હરાજી - વેચાણ નોટિસ**

સિક્યોરિટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6)ની શરતો હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
સામાન્ય જનતાને તથા ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને આથી નોટિસ આપવામાં આવે છે કે આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડના અધીકૃત અધિકારી દ્વારા કબ્જે લેવામાં આવેલ નીચે દર્શાવેલ ગીરો મુકેલી સ્થાવર મિલકતોનું વેચાણ "જેમ છે જ્યાં છે", "જેમ છે જેવું છે", અને "જે કંઈ પણ છે"ના ધોરણે કોઈ પણ જાણીતા બોજા વગર કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ

| અનુ. નં. | દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/જામીનદાર(રો) | માંગણી નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત (RP) | બાનાની રકમ (EMD - RP ના 10%) | કબ્જાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 48610000046 / રાજપીપળા શાખા) પ્રવીણભાઈ ભીલ (દેવાદાર) લલિતાબેન ભીલ (સહ-દેવાદાર) | 09-10-2025 & ₹ 4,07,358/- | સ્થાવર મિલકતની તમામ જગ્યા અને ભાગ, જીએફ મિલકત નં. 10/1 / તારોલ (ઓફિસ ફળિયું) તારોલ રોડ મિલકત નં. 10/1 VI. તારોલ તા. નસવાડી જિ. છોટાઉદેપુર ગુજરાત 391150 ચતુર્સીમાઃ પૂર્વઃ ખુલ્લી જગ્યા પછી ભીલ દાદુ ટેડાભાઈનું મકાન, પશ્ચિમઃ ખુલ્લી જગ્યા પછી ભીલ અંબુ શાંતિભાઈનું મકાન, ઉત્તરઃ ખુલ્લી જગ્યા પછી ભીલ ઉકેડભાઈ મંજીભાઈનું મકાન, દક્ષિણઃ ખુલ્લી જગ્યા પછી ભીલ રમેશભાઈ શાંતિભાઈનું મકાન | Rs. 7,28,460/- | Rs. 72,846/- | પ્રત્યક્ષ |
| 2 | (લોન કોડ નં. 17610000180 / ગોધરા શાખા) વાસુદેવ ચંદુભાઈ દબગર (દેવાદાર) જિગ્નાશાબેન વાસુદેવ દબગર (સહ-દેવાદાર) | 14-04-2026 & ₹ 19,48,928/- | સ્થાવર મિલકતની તમામ જગ્યા અને ભાગ, પ્રોપર્ટી ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર ખાનગી પ્લોટ નંઃ 101 રાધા માધવ પાર્ક સોસાયટી (મા સરસ્વતી પાર્ક 03) ગોધરા અમદાવાદ રોડ ખાનગી પ્લોટ નંઃ 101 તા-ગોધરા જિ-પંચમહાલ ગુજરાત 389001 ચતુર્સીમાઃ પૂર્વઃ 7.50 મીટર રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. 82 ની સરહદ, ઉત્તરઃ પ્લોટ નં. 102 ની સરહદ, દક્ષિણઃ પ્લોટ નં. 100 ની સરહદ | Rs. 16,84,728/- | Rs. 1,68,473/- | પ્રત્યક્ષ |
| 3 | (લોન કોડ નં. 03810000279 / વડોદરા શાખા) સોનુ રાજપૂત (દેવાદાર) મિતેશભાઈ પટેલ (જામીનદાર) | 14-04-2026 & ₹ 10,90,634/- | સ્થાવર મિલકતની તમામ જગ્યા અને ભાગ, ફ્લેટ નં જીએફ 2 સાઈ શક્તિ પાર્ટ દાવડા રોડ પ્લોટ નં 5, 6 અને 6/1 VI-હાલોલ જિ-પંચમહાલ ગુજરાત-389350. ચતુર્સીમાઃ પૂર્વઃ ખુલ્લી જમીન, પશ્ચિમઃ પ્લોટ નં. 18, ઉત્તરઃ ખુલ્લો રોડ, દક્ષિણઃ પ્લોટ નં. 25 | Rs. 7,51,680/- | Rs. 75,168/- | પ્રત્યક્ષ |
| 4 | (લોન કોડ નં. 17610000236 / ગોધરા શાખા) ગણપત કાનાભાઈ તળાર (દેવાદાર) પુનીબેન તળાર અને કાનસિંહ તળાર (સહ-દેવાદારો) | 14-04-2026 & ₹ 11,25,634/- | સ્થાવર મિલકતની તમામ જગ્યા અને ભાગ, જીએફ હાઉસ નં. 206/એ શિવાશિષ પાર્ક સોસાયટી હાલોલ આરાધ રોડ પ્લોટ નંઃ 206/એ ગામ અને તા-હાલોલ જિ-પંચમહાલ ગુજરાત - 389120 ચતુર્સીમાઃ પૂર્વઃ 6 મીટર રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. 191-એ મિલકત, ઉત્તરઃ પ્લોટ નં. 205-બી મિલકત, દક્ષિણઃ પ્લોટ નં. 206-બી મિલકત | Rs. 8,13,240/- | Rs. 81,324/- | પ્રત્યક્ષ |
| 5 | (લોન કોડ નં. 17610000304 / ગોધરા શાખા) શંકરભાઈ ચીમનભાઈ ચૌધરી (દેવાદાર) અમિતાબેન ચૌધરી (સહ-દેવાદાર) | 14-04-2026 & ₹ 21,36,354/- | સ્થાવર મિલકતની તમામ જગ્યા અને ભાગ, જીએફ હાઉસ નં. 33 શિવ-વાટિકા - 2 કંજરી પ્લોટ નં. 33 તા - કંજરી (પાર્ટ) સબ ડિસ્ટ - હાલોલ જિ-પંચમહાલ ગુજરાત-389350 ચતુર્સીમાઃ પૂર્વઃ પ્લોટ નં. 32, પશ્ચિમઃ પ્લોટ નં. 34, ઉત્તરઃ ખુલ્લો રોડ, દક્ષિણઃ પ્લોટ નં. 20 | Rs. 15,80,040/- | Rs. 1,58,004/- | પ્રત્યક્ષ |
| 6 | (લોન કોડ નં. 17610000382 / ગોધરા શાખા) લક્ષ્મણસિંહ રાઠોડ (દેવાદાર) રમીલાબેન રાઠોડ (સહ-દેવાદાર) | 14-04-2026 & ₹ 14,23,800/- | સ્થાવર મિલકતની તમામ જગ્યા અને ભાગ, પ્લોટ નં. 26, 27, 28, 29/1 શુભ-લાભ રેસિડેન્સી મોજે હાલોલ ગામ - પ્રતાપપુરા સબ ડિસ્ટ - હાલોલ જિ - પંચમહાલ ગુજરાત 389310. ચતુર્સીમાઃ પૂર્વઃ ખેતીની જમીન, પશ્ચિમઃ રોડ, ઉત્તરઃ પ્લોટ નં. 25, દક્ષિણઃ પ્લોટ નં. 26, 27, 28, 29/2 | Rs. 9,36,432/- | Rs. 93,643/- | પ્રત્યક્ષ |
| 7 | (લોન કોડ નં. 17610000447 / ગોધરા શાખા) કૈલાશ રામ (દેવાદાર) સંજુ (સહ-દેવાદાર) | 14-04-2026 & ₹ 7,83,589/- | સ્થાવર મિલકતની તમામ જગ્યા અને ભાગ, જીએફ શોપ નં. 1/4 શાંતિકુંજ રેસિડેન્સી મોજે હાલોલ પ્લોટ નં. 1/4 મોજે - સાથરોટા સબ ડિસ્ટ હાલોલ જિ-પંચમહાલ ગુજરાત - 389350. ચતુર્સીમાઃ પૂર્વઃ પ્લોટ નં. 1/3, પશ્ચિમઃ પ્લોટ નં. 2/1, ઉત્તરઃ પ્લોટ નં. 1/1, દક્ષિણઃ રોડ | Rs. 7,97,472/- | Rs. 79,747/- | પ્રત્યક્ષ |

1. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકારેલ શરતો અને નિયમો (ટેન્ડર દસ્તાવેજો) સાથે બાનાની રકમ (EMD)ના ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) જમા કરાવવાની છેલ્લી તારીખ 26-10-2026ના રોજ સાંજે 5:00 વાગ્યા સુધી ઉપર દર્શાવેલ શાખા કાર્યાલયના સરનામે અથવા HTTPS://BANKEAUCTIONS.COM પર અપલોડ કરવાની રહેશે. છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણાશે અને તે મુજબ રદ કરવામાં આવશે. બાનાની રકમ (EMD) પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
2. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) 27-10-2026ના રોજ બપોરે 03:00 વાગ્યાથી 04:00 વાગ્યા સુધી HTTPS://BANKEAUCTIONS.COM પર રહેશે.
3. ઉપર જણાવ્યા મુજબ મિલકત પરના કોઈ પણ બાકી દેવા માટે AHFL જવાબદાર નથી. મિલકતની હરાજી 'જેમ છે જ્યાં છે', 'જેમ છે જેવું છે' અને 'જે કંઈ પણ છે'ના ધોરણે કરવામાં આવશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'AADHAR HOUSING FINANCE LIMITED' ના નામે બનાવવાનો રહેશે.
5. હરાજી/બીડિંગ માત્ર HTTPS://BANKEAUCTIONS.COM વેબસાઈટ દ્વારા "ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બીડિંગ" મારફતે થશે. ઈ-હરાજી વેચાણ કાર્યવાહીમાં ભાગ લેતા પહેલા બોલી લગાવનારાઓને વિગતવાર શરતો માટે વેબસાઈટની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.
6. ઈચ્છુક બોલીદાતાઓએ પોતાના નામ સર્વિસ પ્રોવાઈડર મેસર્સ C 1 INDIA PVT LTD ના પોર્ટલ HTTPS://BANKEAUCTIONS.COM/REGISTRATION/SIGNUP લિંક દ્વારા રજીસ્ટર કરવાના રહેશે, અને તેમનો યુઝર આઈડી અને પાસવર્ડ મફત મેળવવાનો રહેશે. સંભવિત બોલીદાતા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ C 1 INDIA PVT LTD પાસેથી વેબસાઈટ HTTPS://BANKEAUCTIONS.COM દ્વારા ઈ-હરાજી અંગેની ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
7. વધુ વિગતો માટે આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી અમિતકુમાર સોની (સંપર્ક નં. 9913333214) અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ C1 INDIA PVT LTD, શ્રી પ્રભાકરન, મોબાઈલ નંઃ +91-74182-81709, ઈ-મેઈલઃ TN@C1INDIA.COM અને SUPPORT@BANKEAUCTIONS.COM, ફોન નં. +917291981124/25/26નો સંપર્ક કરવો. આજની તારીખે, AHFL/AHFLના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સિક્યોર્ડ એસેટ્સ વેચવા, ટ્રાન્સફર કરવા અને/અથવા નિકાલ કરવાથી રોકતો કોઈ મનાઈ હુકમ કે અદાલતી સ્ટે નથી.
8. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટર આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL)ની વેબસાઈટ WWW.AADHARHOUSING.COM પર આપેલી લિંકનો સંદર્ભ લો.
9. હરાજી માટે બીડમાં વધારાની રકમ (BID INCREMENTAL AMOUNT) રૂ. 10,000/- રહેશે.
10. આ વર્તમાનપત્ર પ્રકાશન અને તેમાં સમાવિષ્ટ ડેટા સામાન્ય જનતાના પ્રસારણ માટે છે. કોઈ પણ સ્વરૂપમાં અથવા કોઈ પણ માધ્યમથી, પ્રિન્ટ, ડિજિટલ, ઈલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેઈલ કે વેબ પ્રકાશન દ્વારા આ સામગ્રીનંજ આંશિક કે પૂર્ણપણે પુનઃઉત્પાદન, વિતરણ, ટ્રાન્સમિશન અથવા પુનઃપ્રકાશન સખત રીતે પ્રતિબંધિત છે. કોઈ પણ માધ્યમ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો અનધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ 06-10-2026
સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ